જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

# સૂરસંગમ



## Inside this Issue



| | |
|---|---|
| પ્રાચાર્યની કલમે | 2 |
| સુરતનો ઇતિહાસ | 3 |
| ભવનની ભીતરે | 4-5 |
| નવતર | 6 |
| Book Review | 7 |
| અમૃત બિંદુ | 8 |
| ગણિત ગમ્મત | 9 |
| સંસ્થા પરિચય | 10-11 |
| વિજ્ઞાનની કેડીએ | 12 |
| ઝાકળ બિંદુ | 13 |
| જ્ઞાનકુંભ | 14 |
| Thought of the month | 15 |




**અધ્યક્ષ**
આઈ.વી.પટેલ
પ્રાચાર્ય

**સંકલન**
સ્મિતાબેન એ. દેસાઈ
હિમાબેન બી. પંડ્યા
દિપીકાબેન જી. ચૌધરી

**ડીઝાઈન-કમ્પ્યુટરાઈઝેશન**
જગદીશ એલ..પટેલ
બી.વંદના મૂર્તિ




The best teachers teach from the heart, not from the book
–Anonymous

-ડૉ.રાધાકૃષ્ણન

ISSUE : 2

Date: 15/09/2013

# પ્રાચાર્યની કલમે. .

આઈ. વી. પટેલ–Principal

નમસ્કાર !

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરત દ્વારા 'સૂરસંગમ' પ્રથમ અંક અંગેના સારા પ્રતિભાવો મળ્યા છે. જે બદલ આપ સૌનો આભાર. આ સાથે બીજો અંક પ્રસિધ્ધ કરીએ છીએ. આશા છે કે શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે આ અંક આપ સૌને ઉપયોગી નીવડશે જ.

બાળકોના ચારિત્ર્ય ઘડતર માટે સંસ્કારલક્ષી શિક્ષણ વધુને વધુ અનુભવલક્ષી બની રહે અને ઉત્તમ નાગરિકનું નિર્માણ થાય એ આજના સમયની તાતી જરૂરીયાત છે, ત્યારે એકબીજાના વિચારોનું આદાનપ્રદાન થાય એ ખૂબ જ જરૂરી છે. તે માટેનું ઉત્તમ માધ્યમ આ સામાયિક બની રહેશે.

ઈ-મેગેઝીનની વિવિધ કોલમ આપ સૌને ઉપયોગી નીવડશે જ એવી આશા છે. આ માટેના આપના પ્રતિભાવો અને સૂચનો મેગેઝીનને વધુ સમૃદ્ધ બનાવવા બળ પૂરું પાડશે.

# તસ્વીર દર્શન. . .

## વિજ્ઞાન-ગણિત પ્રદર્શન- 2013






**Education is not the filling of a pail, but the lighting of a fire.**

# સુરતનો ઇતિહાસ. .

સંજય એસ બારડ Sr. Lecturer–PSTE

અગાઉના અંકમાં આપણે જોયું કે સુરત શહેર તેજસ્વી ઇતિહાસ ધરાવે છે જેનો ઈતિહાસ ૩૦૦ બી.સી. સુધી પાછળ લંબાયેલો છે. ઇ.સ. ૧૮૦૦ના સમય બાદ ઇ.સ. ૧૮૨૫માં ડચ લોકો સુરત આવ્યા અને સમય જતા સુરતમાં શિક્ષણ ક્ષેત્રે અને નગરજનોને સુવિધાના ક્ષેત્રમાં લાભ મળવામાં ઉત્તરોત્તર પ્રગતિની શરુઆત થઈ.

⇒ ૧૮૨૬માં સરકારે શહેરમાં ગુજરાતી શાળાઓ શરૂ થઇ.

⇒ ૧૮૪૨માં પ્રથમ ઇંગ્લિશ શાળા શહેરમાં શરૂ કરી.

⇒ ૧૮૪૭માં પોર્ટુગીઝોએ સુરત વેપાર કેન્દ્રોની કોઠી(KOTHIS) બંધ કરી.

⇒ ૧૮૫૦માં સુરત લિટરરી સોસાયટીએ પ્રથમ પ્રિન્ટિંગ પ્રેસની સ્થાપના કરી હતી.

⇒ ૧૮૫૦માં એન્ડ્રુઝ લાઇબ્રેરી ૦૧-૦૭-૧૮૫૦માં ખુલ્લી મુકવામાં આવી.

⇒ ૧૮૫૨માં સુરત નગરપાલિકા કાયદેસર રીતે અસ્તિત્વમાં આવી અને તેની પ્રથમ બેઠક ૧૫-૮-૧૮૫૨ના રોજ યોજાઇ હતી.

⇒ ૧૮૫૨માં ગોપીપુરામાં "છોકરીઓ માટે રાયચંદ દિપચંદ પ્રાથમિક શાળા"ના નામ હેઠળ આ શહેરમાં પ્રથમ કન્યાઓ માટે શાળાની સ્થાપના કરી.


⇒ ૧૮૫૭માં ટેલિગ્રાફ કોમ્યુનિકેશન શરુ થયું.

⇒ ૧૮૬૦માં સુરત રેલ્વે સ્ટેશનનું ઉત્થાન થયું.

⇒ ૧૮૬૩માં 'સુરતમિત્ર' સ્થાનિક સમાચારપત્ર દિનશાહ તાલીયારખાન દ્વારા શરૂ કરવામાં આવ્યું. ૧૧-૯-૧૮૬૪ માં તેને 'ગુજરાતમિત્ર' નામ આપવામાં આવ્યું.

⇒ ૧૮૬૫માં શહેરની મોજણી હાથ ધરવામાં આવી હતી. ચોકબજાર અને સ્ટેશનને જોડતા માર્ગનું બાંધકામ કરવામાં આવ્યું હતું.





વધુ આવતા અંકે . . .



**Don't limit a child to your own learning, for he was born in another time.**

# ભવનની ભીતરે

હેમંત એસ રાઠોડ Sr. Lecturer- P&M

## છેલ્લા બે માસમાં યોજાયેલ તાલીમ/કાર્યક્રમો

### મુખ્ય શિક્ષક તાલીમ મોડયુલ રચના કાર્યશિબિર

મુખ્ય શિક્ષકો પૈકી જૂના મુખ્ય શિક્ષકોને શૈક્ષણિક અને વહીવટી બાબતોમાં માર્ગદર્શન પ્રાપ્ત થાય તે માટે માર્ગદર્શિકા તૈયાર કરવા માટે તા.૨/૭/૨૦૧૩ થી ૩/૭/૨૦૧૩ દરમ્યાન ડાયેટ ખાતે વર્કશોપ યોજવામાં આવ્યો. જેમાં શિક્ષણના નૂતન પ્રવાહો, શાળા સંચાલન, નેતૃત્વ, રજાના નિયમો, નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતો વગેરે જેવા વિષયોનું સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું.

### સંકલન બેઠક

પ્રાથમિક શિક્ષણની વિવિધ કચેરીઓ વચ્ચે સંકલન કરી કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ થાય તે માટે તા.10/9/2013 ના રોજ માસિક સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું. એજન્ડા અનુસાર ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

### ગણિત વિજ્ઞાન કોર્નર કાર્યશિબિર.

ગણિત વિજ્ઞાન કોર્નર માટે વિવિધ પ્રકારનું સાહિત્ય તૈયાર કરવા માટે તા.૧૬/૭/૨૦૧૩ થી ૧૭/૭/૨૦૧૩ દરમ્યાન ડાયેટ ખાતે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શિક્ષકો તથા લેક્ચરર્સ દ્વારા ગણિત વિજ્ઞાન કોર્નરમાં ઉપયોગી બની શકે તેવું સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું.

### જળસંચય અને જળસંરક્ષણ માર્ગદર્શિકા નિર્માણ

જળસંચય માટે વિધાર્થીઓ, શિક્ષકો, લોકોમાં જાગૃતિ આવે તથા જળસંરક્ષણની પધ્ધતિઓ વિશે જાણકારી મેળવે તે માટે માર્ગદર્શિકા તૈયાર કરવા માટેનો વર્કશોપ તા.૯/૭/૨૦૧૩ ના રોજ ડાયેટ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં લેક્ચરર્સ તથા શિક્ષકો દ્વારા ‘જળસંચય અને જળસંરક્ષણ’ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી.

### વસ્તી સભાનતા, વ્યસનમુકત શાળા તાલીમ

જનજાગૃતિ કાર્યક્રમ અંતર્ગત સમાજમાં જાગૃતિ આવે, વસ્તી શિક્ષણના પાયાના ખ્યાલો, વસ્તી વિસ્ફોટના કારણો જાણે તથા તંદુરસ્ત અને નિરોગી સમાજના નિર્માણ માટે શાળા કક્ષાએથી જ બાળકો સજ્જ થાય તે માટે શિક્ષકોની તાલીમ તારીખ ૧૫/૭/૨૦૧૩ ના રોજ બીઆરસી ભવન બારડોલી ખાતે યોજવામાં આવી.

### પ્રોજેકટ બેઈઝ લર્નિંગ તાલીમ

શિક્ષકો શિક્ષણમાં પ્રોજેકટ બેઈઝ લર્નિંગ પધ્ધતિનો ઉપયોગ કરે તે માટે માર્ગદર્શન આપવા માટે તારીખ ૧૧-૧૨/૭/૨૦૧૩ દરમ્યાન શિક્ષકોને વિવિધ વિષયના પ્રોજેક્ટ કાર્ય વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ તાલીમનું આયોજન Split મોડેલ આધારે કરવામાં આવેલ.

## છેલ્લા બે માસમાં યોજાયેલ તાલીમ/કાર્યક્રમો

### ડિક્ષનરી કૌશલ્ય વિકાસ તાલીમ

શિક્ષકો શિક્ષણમાં ડિક્ષનરીનો ઉપયોગ કરે તથા તેના ઉપયોગ બાબતે જાણકારી મેળવે તે માટે તારીખ ૨૫-૨૭/૭/૨૦૧૩ દરમ્યાન ડિક્ષનરી કૌશલ્ય વિકાસ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### વિજ્ઞાન ગણિત મંડળ બેઠક

વિજ્ઞાન ગણિત મંડળની પ્રવૃતિઓથી શિક્ષકો વાકેફ બને તથા શાળામાં વિધાર્થીઓને પ્રવૃતિ કરાવે તથા સીઆરસી કક્ષાની બેઠકમાં અન્ય શિક્ષકોને વિજ્ઞાન ગણિત મંડળની પ્રવૃતિઓથી અવગત કરે તે માટે બે વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં વિજ્ઞાન ગણિતની વિવિધ પ્રવૃતિઓનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું.

### સ્થાનિક સાહિત્ય નિર્માણ

શિક્ષકો અને વિધાર્થીઓ પોતાની સ્થાનિક ભૂગોળથી પરિચિત બને, પોતાના આસપાસના પર્યાવરણ, ઈતિહાસ વિશે જાણકારી મેળવે તે માટેનું સ્થાનિક સાહિત્ય તૈયાર કરવા માટેનો વર્કશોપ તારીખ ૧૯-૨૦/૭/૨૦૧૩ દરમ્યાન સોનગઢ મુકામે યોજવામાં આવ્યો હતો.

### ઇ.ટી શાખાના વ્યાખ્યાતાઓ માટે કેપેસીટી બિલ્ડીંગ વર્કશોપ સજ્જતા કાર્યક્રમ

રાજ્ય કક્ષાના આ વર્કશોપમાં Smart Class–Interactive Board વિષેની માહિતી તમામ જિલ્લામાંથી આવેલ ઈ.ટી. શાખાના લેક્ચરર્સ તથા ટેકનીશીયન્સને આપવામાં આવી હતી. પાઠ્યપુસ્તક આધારિત સોફ્ટવેરનું કલેક્શન કરી સી.ડી. બનાવવામાં આવી હતી.

### વિજ્ઞાન ગણિત પ્રદર્શન આયોજન બેઠક

વિજ્ઞાન ગણિત પ્રદર્શનનું સુચારુ અને સમયસર આયોજન થાય તે માટે BRC Co., SVS Conveners, કેળવણી નિરીક્ષક માટેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કક્ષાના પ્રદર્શનોની તારીખ તથા સ્થળ નક્કી કરવામાં આવ્યા હતા.









**Faith is taking the first step even when you don't see the whole staircase.**

# સંશોધન સારાંશ

રશ્મીકાંત એમ પટેલ Lecturer- CMDE

## સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાની પ્રાથમિક શાળામાં પ્રવર્તમાન દુરવર્તી શિક્ષણ કાર્યક્રમની અસરકારકતાનો એક અભ્યાસ

**સંશોધક**: રશ્મીકાંત એમ. પટેલ, જુ.લેકચરર (સી.એમ.ડી.ઈ.શાખા)

**માર્ગદર્શક**: આઇ.વી. પટેલ, પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

**વર્ષ**: 2011- 2012

**પ્રસ્તાવના**: પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે જી.સી.આર.ટી., ગાંધીનગર દ્વારા દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. BISAG દ્વારા પ્રસારિત થતા દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત ધો. 5, 6 અને 7ના ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી તથા અંગ્રેજી જેવા અગત્યના વિષયના નિદર્શન પાઠનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ ગુજરાતની ઘણીબધી શાળાઓ મેળવે છે. શાળાના વિદ્યાર્થીઓ પૂરો સમય જે-તે વિષયને નિહાળીને વિષયના મુદ્દાનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરે છે. તથા વિષયની ઉંડાણ અને વિષય તજજ્ઞની તજજ્ઞતાનો લાભ મેળવે છે. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમનો લાભ ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કેટલે અંશે ઉપયોગી છે તે જાણવું આવશ્યક બને છે.

**હેતુઓ:** 1. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ નિહાળતી તેમજ ન નિહાળતી શાળાના વિદ્યાર્થીની ગણિત વિષયની સિધ્ધિની તુલના કરવી.

2. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ નિહાળતી તેમજ ન નિહાળતી શાળાના વિદ્યાર્થીની વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયની સિધ્ધિની તુલના કરવી.

3. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ નિહાળતી તેમજ ન નિહાળતી શાળાના વિદ્યાર્થીની અંગ્રેજી વિષયની સિધ્ધિની તુલના કરવી.

4. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ નિહાળતી તેમજ ન નિહાળતી શાળાના વિદ્યાર્થીની વિષયની સિધ્ધિની તુલના કરવી.

**વ્યાપ વિશ્વ:** પ્રસ્તુત સંશોધનમાં ચોર્યાસી તાલુકાની વ્યાપ વિશ્વ તરીકે પસંદ કરેલ.

**નમૂનો:** સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાની "C" ગ્રેડ ધરાવતી શાળાઓ પૈકી ત્રણ દુરવર્તી શિક્ષણ કાર્યક્રમ નિહાળતી અને ત્રણ દુરવર્તી શિક્ષણ કાર્યક્રમ ન નિહાળતી શાળાઓના ધોરણ 6 ના વિધાર્થીઓ (114 વિધાર્થીઓ)

**ઉપકરણ:** સિદ્ધિ કસોટી

**પદ્ધતિ:** પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પ્રકારનો હતો.

**માહિતી વિશ્લેષણ:** પ્રસ્તુત અભ્યાસમાં પ્રશ્નાવલિ દ્વારા માહિતી એકત્ર કરી, ટી- મુલ્ય અને સરાસરી શોધી અર્થઘટન કરવામાં આવ્યુ.

**તારણો:** 1. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ ન નિહાળતી તેમજ નિહાળતી શાળાઓના સરખામણીમાં દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ નિહાળતી શાળાની વિદ્યાર્થીની ગણિત વિષયની શૈક્ષણિક સિધ્ધિમાં નજીવો ઘટાડો જોવા મળે છે.

2. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ ન નિહાળતી તેમજ નિહાળતી શાળાઓના સરખામણીમાં દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ નિહાળતી શાળાની વિદ્યાર્થીની વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયની શૈક્ષણિક સિધ્ધિમાં નજીવો વધારો જોવા મળે છે.

3. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ ન નિહાળતી તેમજ નિહાળતી શાળાઓના સરખામણીમાં દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ નિહાળતી શાળાની વિદ્યાર્થીની અંગ્રેજી વિષયની શૈક્ષણિક સિધ્ધિમાં વધુ જોવા મળે છે.

4. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ ન નિહાળતી તેમજ નિહાળતી શાળાઓના સરખામણીમાં દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ નિહાળતી શાળાની વિદ્યાર્થીની ત્રણેય વિષયની શૈક્ષણિક સિધ્ધિમાં વધુ જોવા મળે છે.

5. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમની શાળાના વિધાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિ પર અસર જોવા મળે છે.

**શૈક્ષણિક ફલિતાર્થ:**

1. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત સઘન મોનીટરીગ થાય તેવુ આયોજન કરાવવુ જોઇએ .

2. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ શાળાઓમાં નિયમિત રીતે નિહાળાય તેમજ અનુકાર્ય કરાવવુ જોઇએ.

3. શાળાની પસંદગી કરતા પહેલા વિધાર્થીઓની સિધ્ધિ ક્સોટી લઇ સરખી શૈક્ષણિક સિધ્ધિ ધરાવતી શાળાની પસંદગી અને ત્યારબાદ આ કાર્યક્રમની અસરકારક્તા ચકાસવી જોઇએ.

**It's not what you look at that matters, it's what you see.**

# આપણી શાળામાં કંઈક નવું !

સંકલન: દિપીકા જી ચૌધરી Lecturer- IFIC



**શિક્ષકશ્રીનુ નામ:** ઢોલરીયા કેતન બાબુભાઈ

**શાળાનું સરનામું:** ચોર્યાસી પ્રાથમિક શાળા, ચોર્યાસી, તા.કામરેજ, જી.સુરત

**નવતર પ્રવૃત્તિ :** ચૂંટણી પ્રક્રિયા

**નવતર પ્રવૃત્તિનું વિગતવાર વર્ણન:** આ નવતર પ્રયોગ મેં જુલાઈ ૨૦૧૧ માં કર્યો હતો. આ પ્રયોગ કરવા માટે સૌ પ્રથમ ધોરણ—૮ ના બાળકોને મૌખિક સૂચનો અને વિગતો આપવામાં આવી. ચૂંટણી માટે સૌ પ્રથમ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું. જેમાં ચૂંટણીની વિગતો અને ઉમેદવારના ફોર્મ ભરવાની તારીખ, ચૂંટણી તારીખ, મતદાન ગણતરી તારીખ વગેરે વિગતો શાળાના ડિસપ્લે બોર્ડ પર મૂકવામાં આવી. ધોરણ ૮ ના ૩ વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી. ત્યારબાદ ઉમેદવારનાં ચૂંટણી ચિન્હ નક્કી કરવામાં આવ્યા અને તેમના બેલેટ પેપર તૈયાર કરવામાં આવ્યા. તેમજ ચૂંટણી માટે ની મતદાર યાદી ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીને લઈને બનાવવામાં આવી. ઉમેદવારોને ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવાનું કહેવામાં આવ્યું. તેમજ ઉમેદવારોને ચૂંટણીના પ્રચાર માટે શાળામાં ૪:૩૦ પછીનો સમય ફાળવવામાં આવ્યો. તેમજ સમૂહ સભા માટે પ્રાથાનામાં પણ સમય ફાળવવામાં આવ્યો. ત્રણેય ઉમેદવારોએ ખુબ પ્રચાર કર્યો. તેમજ પ્રાર્થનામાં બાળકોને મોક મતદાન કરી બતાવામાં આવ્યું. હવે મતદાન મથક માટે વિવિધ અધિકારીઓની નિમણુંક કરવામાં આવી. મતદાન મથક તૈયાર કરવામાં આવ્યું. મતદાનનો સમય સવારે ૯ થી ૧૦ રાખવામાં આવ્યો હતો. દરેક મતદારોએ ઉત્સાહથી મતદાન કર્યું. કુલ ૧૪૮ મતદારોમાંથી ૧૪૫ મતદારોએ મતદાન કર્યું. મતદાન પૂર્ણ થયા બાદ ૧૦:૩૦ કલાકે શાળાના શિક્ષકો દ્વારા મત ગણતરીની કામગીરી શરૂ કરવામાં આવી. મત ગણતરી બાદ પરિણામ જાહેર કરવામાં આવ્યું જેમાં ગોજીયા પાયલનો વિજય થયો. આમ આખી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરી બાળકોને ચૂંટણીનો વાસ્તવિક અનુભવ આપવામાં આવ્યો.

**નવતર પ્રવૃત્તિના અમલીકરણનું મૂલ્યાંકન:** ચૂંટણી પૂર્ણ થયા બાદ સૌ પ્રથમ પ્રાર્થનામાં મતદારો અને ઉમેદવારોના અનુભવો જાણવામાં આવ્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓને ચૂંટણીલક્ષી સંકલ્પનાઓ જેવી કે જાહેરનામું, મતદાન મથક, મતદાન અધિકારી, ઉમેદવાર, આચારસંહિતા, ચૂંટણી ઢંઢેરો, બેલેટ પેપર વગેરે વિશે પ્રશ્નોતરી કરવામાં આવી તેમજ ધોરણ ૮ ના બાળકોને એક નમુના મુજબનું પ્રશ્નપત્ર બનાવીને આપવામાં આવ્યું તેમજ તેમના જવાબો પણ લખવામાં આવ્યા.

**પ્રયત્નોના આધારે પ્રાપ્ત પરિણામો:** વિદ્યાર્થીઓને ચૂંટણી સંબંધી લગભગ દરેક સંકલ્પનાઓ સ્પષ્ટ થઈ ગઈ તેમજ ચૂંટણી પ્રક્રિયા વિષે સરળતાથી શીખી શક્યા. બાળકોના ઉત્સાહમાં પણ ખુબ વધારો થયો. તેમજ તેમની જીજ્ઞાસાવૃતિમાં પણ વધારો થયો અને હવે પછી ફરીથી ચૂંટણીની પ્રવૃતિનું આયોજન થાય તો અમે પણ ઉમેદવાર બનીશું એવા વિદ્યાર્થીઓના અભિપ્રાય મળવા લાગ્યા.


**શાળાના સમગ્ર પરિવારને અભિનંદન.!!!**

*આપની શાળાઓની નવતર પ્રવૃતિઓ અહીં આવકાર્ય છે.*

“If you want something new, you have to stop doing something old”

# Book Review. . .

બી.વંદના મૂર્તિ– Technician, ET




## Name: The Monk Who Sold His Ferrari

The story of this book is a fiction story. It is wrapped up with a story of a famous lawyer who has stopped his full day to day working hours, to become a monk. This former lawyer was a very successful lawyer in his field. He can have everything he wants in his life. However, he does not have a happy family and a happy life because of the pressure of works and of the high profile life that he had lived. Suddenly, he was collapsed because of severe illness. After meditation, he has decided to stop doing litigation work and he travelled to India to find his purpose in life. He gained essential lessons of life while he has travelled in India. He then shares his knowledge to his fellow lawyer with the condition that the lawyer himself must forward this knowledge to other people.

## 5 STEPS Methods for attaining goals

- Clear Vision of your outcome
- Create positive pressure to keep you inspired.
- Never set a goal without attaching timeline to it.
- Staying with your goals for 21 days.
- Enjoy the process

Don't buy books for your shelf, buy them for yourself."

# અમૃતબિંદુ . .

શોભના બી. સુરાણી Lecturer– PSTE

## સંઘર્ષ

જીવશાસ્ત્રના એક શિક્ષક એમના વિદ્યાર્થીઓને સમજાવી રહ્યા હતા કે ઈંડામાંથી તાજું જન્મેલું ઇયળરૂપ જંતુ પતંગિયું કેવી રીતે બને છે? એમણે પોતાના વિદ્યાર્થીઓને સમજાવ્યું કે હવે પછીના ગણતરીના કલાકોમાં એ જંતુ ઈયળમાંથી બહાર આવવાનો પ્રયાસ કરશે. પરંતુ કોઈએ એ પતંગિયાને મદદ કરવી નહિ. આટલું કહીને શિક્ષક ત્યાંથી જતા રહ્યા. વિદ્યાર્થીઓ રાહ જોવા લાગ્યા. અમુક કલાકો પછી એ જંતુ ઈંડામાંથી બહાર આવવા માટે પ્રયત્ન કરવા લાગ્યું. ઈંડુ ફોડીને બહાર આવવા માટેના એના સંઘર્ષને જોઇને વિદ્યાર્થીને દયા આવી અને એણે શિક્ષકે આપેલી સૂચનાને અવગણી. એ ઈંડું જલદી ફૂટી જાય અને પેલું જંતુ તેમાંથી મુક્ત થાય એ માટે મદદ કરી. ઈંડું ફૂટી ગયું અને જંતુ બહાર પણ આવી ગયું, પણ થોડી જ પળોમાં એનું મૃત્યુ થઈ ગયું.

શિક્ષક પાછા ફર્યા ત્યારે આ ઘટનાની એમને જાણ કરવામાં આવી. એમણે બધા વિદ્યાર્થીઓને સમજાવ્યું કે ઈંડું ફોડવામાં મદદ કરીને એ વિદ્યાર્થીએ પેલા પતંગિયાની ઉપર ઉપકાર નથી કર્યો પણ એ વિદ્યાર્થી પતંગિયાનાં મૃત્યુ માટે નિમિત બન્યો છે કુદરતનો નિયમ છે કે ઈંડામાંથી બહાર આવવા માટે એ જંતુ જે સંઘર્ષ કરે છે ,ઈંડાના કવચને તોડવા માટે જે રીતે પાંખો ફફડાવે છે,એ સંઘર્ષ પતંગિયામાં શક્તિનો સંચાર કરે છે એની પંખો મજબૂત બને છે એને મદદ કરીને એ વિદ્યાર્થીએ એ પતંગિયાને કુદરતી સંઘર્ષથી  વંચિત રાખ્યું, જેના મૃત્યુનું કારણ બન્યું.

આ જ સિધ્ધાંતને આપણે ચકાસીએ:  સંઘર્ષ સિવાય ધાર્યું પરિણામ આવી શકતું નથી.

***"શાંત દરિયો કદી કુશળ ખલાસી બનાવતો નથી"***

સંકલિત. . .







If there is no struggle, there is no progress.

# ગણિત ગમ્મત . .

જગદીશ એલ. પટેલ Sr. Lecturer- ET

| ક્રમ | આકૃતિ | વિગત |
|---|---|---|
| 1 |  | **ત્રિકોણ**<br>**ખૂણા:** ત્રણ (03)<br>**ખૂણાના માપનો સરવાળો:** $180^0$ |
| 2 |  | **ચતુષ્કોણ**<br>**ખૂણા:** ચાર (04)<br>**ખૂણાના માપનો સરવાળો:** $360^0$ |
| 3 |  | **પંચકોણ**<br>**ખૂણા:** ?<br>**ખૂણાના માપનો સરવાળો:** ? |
| 4 |  | **ષષ્ટકોણ**<br>**ખૂણા:** ?<br>**ખૂણાના માપનો સરવાળો:** ? |

આકૃતિ ૧ અને 2 નો અભ્યાસ કરી આકૃતિ 3 અને 4 માટે ખૂટતી વિગતો શોધો. જવાબ કઈ રીતે લાવ્યા તે વિચારો. જવાબ આવતા અંકે.. . .

Go down deep enough into anything and you will find Mathematics.

# સંસ્થા પરિચય . .

રશ્મીકાંત એમ પટેલ Lecturer– CMDE

## રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થાન ( ઓપન સ્કૂલ)

રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થાન (ઓપન સ્કૂલ) એ ભારત સરકાર (માનવ સંસાધન વિકાસ મંત્રાલય) હેઠળની સ્વાયત્ત સંસ્થા છે, જે મુકત શિક્ષણ પ્રણાલીથી શાળાકીય શિક્ષણ પુરૂ પાડે છે.

**રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થાનનાં અભ્યાસક્રમો:**

૧. માધ્યમિક અભ્યાસક્રમ- (ધોરણ ૧૦ )

૨. ઉચ્ચત્તર માધ્યમિક અભ્યાસક્રમ- (ધોરણ ૧૨ )

3. વ્યવસાયિક અભ્યાસક્રમ

૪. જીવન સંવર્ધન અભ્યાસક્રમો

**પ્રવેશ/ અભ્યાસની પ્રક્રિયા:**

પ્રવેશ મેળવવા માટે રાષ્ટ્રીય મુકત વિદ્યાલયથી શિક્ષણ સંસ્થાન (ઓપન સ્કૂલ) NIOSની વેબ સાઇટ (www.nios.ac.in) પરથી ઓનલાઇન અથવા તમારા નજીકના NIOS સેન્ટરનો સંપર્ક કરી પ્રવેશ મેળવી શકો.

પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને આ સંસ્થા દ્વારા આપવામાં આવેલ પુસ્તકોમાંથી ઘર બેઠા અભ્યાસ કરી શકે છે. પ્રવેશ મેળવેલ સેન્ટર દ્વારાસાપ્તાહિક કે રજાના દિવસોમાં ર્માદર્શન કાર્યક્રમો યોજવામાં આવે છે.

**લાક્ષણિકતા/ખાસિયતો:**

- પ્રવેશમાં ઉંમરનો બંધન નથી.
- CBSC બોર્ડની સમકક્ષ માન્ય પ્રમાણપત્ર.
- ધોરણ ૧૦માં પ્રવેશ મેળવી શકો, ધોરણ ૧૦ પાસ હોય તો સીધો ધોરણ ૧૨માં પ્રવેશ.
- વિષય અને માધ્યમ પસંદ કરી શકો.
- ફકત ૫ (પાંચ) વિષય ભણવાના.
- મફત પાઠયપુસ્તકો અને માર્ગદર્શન વર્ગો.
- ઘરે રહીને અભ્યાસ કરી શકો તથા ઇચ્છો ત્યારે પરીક્ષા આપી શકો.
- પ્રવેશ ૫ (પાંચ) વર્ષ સુધી માન્ય રહેશે તથા પુન:પ્રવેશ મેળવી શકો.
- કોઇપણ દિવસે પ્રવેશ મેળવી શકો.
- વર્ષમાં બે વાર પરીક્ષા ( એપ્રિલ-મેં અને ઓકટોબર-નવેમ્બરમાં) લેવાય છે.
- દરેક રાજયમાં ક્ષેત્રિય કાર્યાલય છે તથા દરેક જિલ્લામાં તેમના સેન્ટર આવેલા છે.
- વિદ્યાર્થી ઇચ્છે તેટલા વિષયની પરીક્ષા આપી શકે.
- રાષ્ટ્રીય મુકત વિદ્યાલયથી શિક્ષણ સંસ્થાનના પ્રમાણપત્રના આધારે આગળનો અભ્યાસ કરી શકો.

Continue....

## રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થાન (ઓપન સ્કૂલ)

• રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થાનના પ્રમાણપત્રના આધારે આગળનો અભ્યાસ કરી શકો.

**ક્ષેત્રિય કાર્યાલય:**

આ ઓપન શાળાનું ગુજરાતમાં ગાંધીનગરમાં ક્ષેત્રિય કાર્યાલય છે. જેની વિગત નીચે મુજબ છે.

રાષ્ટ્રીય મુકત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન,

બહુમાળી ભવન, ડી-બ્લોક, સાતમો માળ, પથિકાશ્રમની નજીક, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧.

**ફોન:** ૦૭૯-૨૩૨ ૨૦૪૧૦

**ફેકસ:** ૦૭૯-૨૩૨ ૨૦૪૧૧

**ઇ-મેઇલ:** rcgandhinagar@nics.ac.in

**વેબ સાઇટ:** www.niosgnr.org www.nios.ac.in

**સુરતમાં નીચેની શાળાઓમાં ઓપન સ્કૂલના કેન્દ્ર આવેલ છે.**

૧) લોગોસ મિશન હાઇસ્કૂલ, ઇચ્છાપોર, સુરત

૨) શ્રી એચ.વી. સ્વામી નારાયણ વિદ્યાલય, અડાજણ, સુરત (૦૨૬૧ - ૨૭૮૪૩૯૪)

૩) સનગ્રેસ વિદ્યાલય, ઉધના, સુરત. (૦૨૬૧ - ૨૨૭૨૭૮૧)





When you know better, you do better .

# વિજ્ઞાનની કેડીએ . .

ડો. જોય ટી. દિક્ષીત Lecturer- PSTE

## રાસાયણિક ઉર્જા

ઉર્જાના વિવિધ સ્વરૂપો છે. ઉર્જા એક સ્વરૂપ માંથી બીજા સ્વરૂપમાં રૂપાંતર પામે છે. ઉર્જાનો કોઇ પણ દિવસ વિનાશ થતો નથી. તમે મકાનને ચૂનો કરતા કારીગર જોયા જ હશે. તેમની પાસેથી અથવા હાર્ડવેરની દુકાનમાંથી કળીચૂનાના બે થી ત્રણ ટૂકડા લઈ આવો ત્યારબાદ નીચેની સૂચના મૂજબ પ્રવૃતિ કરો.

**પ્રવૃતિ :** એક કાચના ગ્લાસમાં પાણી લો. તેમાં તમે લાવેલ કળીચૂનાના બે થી ત્રણ ટૂકડા નાંખો. ગ્લાસમાંના પાણીનું ઉપરથી નજર રાખી અવલોકન કરો. ત્યારબાદ ગ્લાસને બહારથી સ્પર્શ  કરો.

**અસર 1 :** તમે જ્યારે પાણીમાં કળીચૂનો ઉમેર્યો ત્યારે ઉપરથી નજર રાખી અવલોકન કરતાં તમને પાણી અને કળીચૂના વચ્ચે રાસાયણિક પ્રકિયા થવાથી પરપોટાં દેખાશે.

**અસર 2 :** તમે જયારે ગ્લાસને બહારથી સ્પર્શ કરશો ત્યારે ગ્લાસ ગરમ લાગશે.

**સમીકરણ :** $CaO + H_2O \longrightarrow Ca(OH)_2$ + ગરમી ↑

કળી ચૂનાનૂં સૂત્ર $CaO$ છે. જ્યારે તેને પાણીમાં ભેગો કરવામાં આવે ત્યારે તેમની વચ્ચે રાસાયણિક પ્રકિયા થવાથી $Ca(OH)_2$ અને પુષ્કળ ગરમી ઉત્પન્ન થાય છે. જેના લીધે ગ્લાસને બહારથી સ્પર્શ  કરશો ત્યારે ગ્લાસ ગરમ લાગશે. પાણી અને કળીચૂના વચ્ચે રાસાયણિક પ્રકિયા થવાથી પરપોટાં દેખાશે. શાળામાં વપરાતો ચોક એ કેલ્શયમ હાઈડ્રોક્સાઈડ છે.

જાહેર જીવનમાં બસ, હોંડા અને કાર જેવા સાધનો બેટરી અને વિધુતકોષ (સેલ)ની રાસાયણિક ઉર્જાને લીધે ચાલે છે.







Knowledge will give you power, but character respect.

# ઝાકળબિંદુ . .

હિમા બી. પંડ્યા Lecturer- PSTE

**મન કે હારે હાર હૈ, મન કે જીતે જીત,**
**કહ કબીર પિઉ પાઈએ મન કી હી પરતીત.--કબીર**

મનુષ્ય એ સૃષ્ટિનું સૌથી શ્રેષ્ઠ પ્રાણી છે ,સર્જનહારનું શ્રેષ્ઠ સર્જન છે.કારણ કે મનુષ્ય પાસે મન- મગજ છે, જેના દ્વારા તે વિચારે છે .મન એ શરીરમાં સહુથી શ્રેષ્ઠ છે .એ જે કાઈ વિચારે છે તેના આધારે મનુષ્યનું આખું શરીર કાર્ય કરે છે. મન મનસુબો કરે તો મનુષ્ય અશક્ય જણાતા કાર્યો કરી શકે છે .મનને જીતી લેવામાં આવે તો વિજય થાય છે અન્યથા હાર.

મનની વૃત્તિઓ ચારે બાજુ ભટક્યા કરે છે ,તેનું નામ "માયા" અને વૃત્તિઓની એકાગ્રતા એટલે "યોગ". આ યોગ વડે મનુષ્ય ઈચ્છે તો "ઈશ્વર પ્રાપ્તિ" પણ થાય છે.

એક ઉદાહરણ વડે આ વાત સમજીએ .સૂર્યના કિરણો કાગળના કોઈ પણ ટુકડા પર ઝીલવામાં આવે તો તેનાથી કાગળના ટુકડાને ખાસ અસર થતી નથી. કારણ કે તેના હજારો કિરણો વિક્ષિપ્ત છે, વેરાયેલાં છે. પરંતુ બહિર્ગોળ કાચમાંથી સૂર્યના કિરણો પસાર કરીએ અને પછી કાગળ પર ઝીલીએ તો કાગળ તરત જ સળગી ઉઠે છે, કારણ સૂર્યના કિરણો કેન્દ્રિત થઈને કાગળ પર પડે છે.

આપણું મન પણ આ સૂરજ જેવું જ છે .એની હજારો વૃત્તિઓ વિકેન્દ્રિત છે. તે ચારે બાજુ ભટકે છે અને તેથી જ્ઞાનરૂપી અગ્નિ પ્રગટતો નથી. પણ આ વૃત્તિઓને કેન્દ્રિત કરીએ તો તરતજ પ્રકાશ થાય. યોગ એ બહિર્ગોળ કાચનું કામ કરે છે અને આપણી વૃત્તિઓને એક બિંદુ ઉપર કેન્દ્રિત કરે છે.

ટૂંકમાં એકાગ્રતા જ અદભુત શક્તિ છે, જેના દ્વારા જગતના કોઈ પણ કામ થઇ શકે. મનરૂપી મૃગલાને મારવા સંયમરૂપી લક્ષ્યવેધી બાણ જ જોઈએ.

સંકલિત. . .






Turn your actions into concentrated practices.

# જ્ઞાનકુંભ . .

સ્મિતા એ. દેસાઈ Sr.Lecturer- DRU

## ગયા અંકના જવાબો:

1. મગદલ્લા બંદર કયા જિલ્લામાં આવેલું છે? - સુરત
2. તાપી જિલ્લાનું ઇકોટુરીઝમ સ્થળ કયું છે? - પદ્મડુંગરી
3. દહેજ બંદર કયા જિલ્લામાં છે? - ભરૂચ
4. સૂલપાણેશ્વર અભ્યારણ્ય ગુજરાતના કયા જિલ્લામાં છે?- નર્મદા
5. ગુજરાતમાં સૌથી મોટી ઔધોગિક વસાહત કયા આવેલી છે?- અંકલેશ્વર
6. ડાંગ જિલ્લાને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે?- દંડકારણ્ય
7. ક્રિભકોનું રાસાયણિક ખાતર બનાવવાનું કારખાનું ક્યા આવેલું છે?- સુરત
8. બારડોલી ક્યા ઉધોગનું કેન્દ્ર છે?- ખાંડ
9. પારસી તીર્થો સંજાણ અને ઉદવાડા કયા જિલ્લામાં આવેલાં છે?- વલસાડ
10. ડાંગમાં હોળીને શું કહે છે?- સિગ્મા


## આ અંકના પ્રશ્નો માટે તૈયાર છો ને ???

1. હીરાકુંડ બંધ કઇ નદી પર બાંધવામાં આવ્યો છે?
2. ભાખરાનાંગલ ડેમ કઇ નદી પર બાંધવામાં આવ્યો છે?
3. કૃષ્ણા નદી પર ક્યો ડેમ બાંધવામાં આવ્યો છે?
4. કૃષ્ણા નદી કઇ રાજ્યની નદી છે?
5. ગોદાવરી નદીનું ઉદગમ સ્થાન કયું છે?
6. આશ્વાન બંધ કઇ નદી પર બાંધવામાં આવેલ છે?
7. સૂએજ નહેરથી ક્યા બે સમુદ્રો જોડાય છે?
8. સ્ટેનલી ધોધ કઇ નદી પર છે?
9. મહાવલી ગંગા ક્યા દેશની સૌથી મોટી નદી છે?
10. કડાણા યોજના કઇ નદી પર આવેલી છે?



જવાબ માટે રાહ જુઓ આવતા અંકની. .

**It's not what you look at that matters, it's what you see.**




District Institute of Education and Training, Surat
Opp. Swapna Shrushti Appt., Jiav-Budia Road, Bhestan, Surat-395023
Phone: 0261-2916003/2616040
E-Mail : dietsurt@yahoo.com